Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 10

No. of Printed Pages – 7

**S–73–Gujarati (T.L.)**

Tear Here

# माध्यमिक परीक्षा, 2019

# SECONDARY EXAMINATION, 2019

# ગુજરાતી

# GUJARATI

## (THIRD LANGUAGE)

**समय** : 3¼ **घण्टे**

**पूर्णांक** : 80

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ:**

1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પશ્ન કરવા ફરજિયાત છે.

3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

यहाँ से काटिए

**1) નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [10]**

એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે, તેમ વધુને વધુ જ્ઞાન પ્રાપ્તિ થતી રહેશે. જ્ઞાન પ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. બૂટ પૉલિશવાળો પણ જેટલો એકાગ્ર થશે તેટલો તે જોડાને વધારે ચમકવાળાં બનાવશે, એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં,ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે, તેટલું તે કાર્ય વધારે સારું થશે. આપણે એના દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેના રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર થાય છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

- સ્વામી વિવેકાનંદ

પ્રશ્નો

1) જ્ઞાન પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય ક્યો છે ? **[2]**

2) બૂટ પૉલિશવાળો અને રસોઈયો વધુ સારું કામ ક્યારે કરી શકશે ? **[2]**

3) કાર્ય વધારે સારું શેનાથી થશે ? **[2]**

4) કઈ શરતે જગત તેના રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે ? **[2]**

5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **[2]**

**2) નીચેનામાંથી ગમે તે એક વિષય પર નિબંધ લખોઃ [10]**

1) વર્ષાઋતુ

2) દહેજપ્રથા એક સામાજિક દૂષણ

3) માતૃપ્રેમ

4) ટેલિવિઝનના લાભાલાભ

5) શ્રમનું ગૌરવ

**3)** તમારી શાળામાં યોજાયેલ 'વૃક્ષારોપણ' કાર્યક્રમનો અહેવાલ લખોઃ **[5]**

**4)** માગ્યા પ્રમાણે જવાબ આપો (વ્યાકરણ) **[15]**

અ) 1) જોડણી સુધારી ફરી લખો. **[1]**

i) ગીરીપુર

ii) શીષ્ય

2) વિરૂદ્ધાર્થી શબ્દ લખો. **[1½]**

i) જ્ઞાન

ii) સમજણ

iii) આશા

3) સમાનાર્થી શબ્દ લખો. **[1½]**

i) દરિયો

ii) શરીર

iii) માતા

બ) 1) રૂઢિપ્રયોગોનોં અર્થ લખો. [2]

i) સૌ સારાવાનાં થવા

ii) ટોચે પહોંચવું

2) સંજ્ઞા અને વિશેષણ શબ્દ ઓળખાવો. [1]

i) છગન પટેલ ખૂબ ડઘાયેલા હતા.

ii) બિરબલ અત્યંત ચિંતિત બન્યો હતો.

સ) 1) યોગ્ય વિરામ ચિન્હો મૂકો. [2]

i) જહાંપનાહ મને થોડો સમય આપો

ii) કાલે કયો વાર છે

2) વાક્યના પ્રકાર જણાવો. [2]

i) આ વર્ષેય વરસાદ નથી.

ii) ભાઈ તારું શું નામ છે ?

૬) 1) સંધિ - વિચ્છેદ કરો. [2]

i) દેવાલય

ii) અત્યંત

2) સમાસનો વિગ્રહ કરો. [2]

i) નવરાત્રિ

ii) કેસર છાંટે

**નીચેના ગદ્ય પ્રશ્નોના જવાબ લખો:**

**5)** નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો:(કોઈ પણ ત્રણ) **[9]**

1) આપણને ઈશ્વરનાં દર્શન ક્યારે થઈ શકે ?

2) 'થેન્ક યૂ ,મિસ્ટર સેક્રેટરી'પાઠમાં લેખિકાના માતા- પિતા કઈ રમતના ખેલાડી હતા ?

3) લેખકે માટીમાંથી કઈ કઈ વસ્તુઓ બનાવી હતી ?

4) 'વેલી ઑફ ફ્લાવર્સ' માં ક્યાં ક્યાં ફૂલો જોવા મળે છે ?

6) નીચેના પ્રશ્નોના જવાબ લખોઃ (કોઈ પણ બે) [8]

1) વિપ્રાસર તળાવની વિશેષતાઓ જણાવો.

2) શા માટે મહાદેવના આંસુ આનંદમાં ફેરવાઈ ગયા ?

3) કપાતા વૃક્ષને જોઈને યુવાનોને કેવી લાગણી થાય છે ?

7) નીચેના પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો જવાબ તમારા શબ્દોમાં લખો. [3]

1) પાણીનો વ્યય અટકાવવા માટે તમે શું કરશો તે લખો.

2) આપણે શા માટે બીજાને મદદ કરવી જોઈએ તે તમારા શબ્દોમાં લખો.

**નીચેના પદ્ય પ્રશ્નોના જવાબ લખો.**

8) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખોઃ (કોઈ પણ ત્રણ) [9]

1) 'દામોદર દોશી' કવિતામાં ભગવાન માટે કયાં - કયાં નામો વપરાયા છે ?

2) ફૂલનું મુખડું કવિને કેવું લાગે છે ?

3) ટ્રેન કઈ પ્રણાલીનું પાલન કરે છે ?

4) સૂર્યની આદતો સુધારવા માટે કોની જરૂર છે ?

**9)** નીચેના પ્રશ્નોના જવાબ લખોઃ (કોઈ પણ બે) **[8]**

1) ઢોંગી ગુરુઓ પર કટાક્ષ કરતા અખો શું કહે છે ?

2) કવિયિત્રીએ કેવી રીતે હરિગુણ ગાયા હતા ?

3) 'હવે કોઈને' કવિતામાં કવિને કયો પ્રશ્ન સતાવે છે ?

**10)** નીચેનામાંથી કોઈ એક પ્રશ્નનો જવાબ તમારા શબ્દોમાં લખોઃ **[3]**

તમારી આસપાસ રહેલા મંદિરમાનાં ભગવાનની શોભાનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

અથવા

સૂર્યોદય અને સૂર્યોસ્ત સમયના વાતાવરણનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

♦♦♦♦